મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૩ ટકા
ગાંધીનગર તાપમાન

ગાંધીનગર ખાતે નેશનલ ગર્લ ચાઈલ્ડ ડેની ઉજવણી

નવજાત જન્મેલ દીકરીઓ અને દત્તક લીધેલ દીકરીઓના વાલીઓનું સન્માન

ગાંધીનગર, તા.૨૪

દિકરીઓના જન્મનું પ્રમાણ છેલ્લા દોઢ દાયકાથી ચિંતાજનક દરે ઘટી રહ્યું છે. ગુજરાતના સેક્સ રેશીયોમાં પાછળ એવા નવ જિલ્લા પૈકી ગાંધીનગર જિલ્લામાં કન્યાઓનો જન્મદરમાં ખૂબ જ ઘટાડો થયો છે.

બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત નેશનલ ગર્લ ચાઈલ્ડ ડેની ઉજવણી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. તેનું દીપ પ્રગટાવી ઉદઘાટન કર્યા બાદ મહિલા અને બાળ વિકાસ રાજય મંત્રી શ્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણીએ જણાવ્યું હતું કે, નારી શક્તિને ઉજાગર કરવા અને સામાજિક ઝુંબેશ દ્વારા ગામડાઓમાં જાગૃતિ આવે તે માટે સંવેદના સભર કાર્યક્રમ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજવામાં આવ્યો, તે અભિનંદનને પાત્ર છે. કન્યા કેળવણી અને બેટી બચાવો જેવા રાજય સરકારના કાર્યક્રમમાં સામાજીની ભાગીદારી અને જાગૃતિ આવશે તો જ તંદુરસ્ત સમાજ રચનાનું ઘડતર થશે. પુરૂષ પ્રધાન સમાજમાં દિકરીઓને રોલ મોડેલ બનાવી આગળ વધવા મંત્રીશ્રીએ અપીલ કરી હતી.

જિલ્લા કલેકટરશ્રી સતીશ પટેલે અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી.દેસાઈએ જણાવ્યું હતું કે, દીકરી જન્મની વધામણીનો આ અનેરો ગૌરવવાળો કાર્યક્રમ છે. દિકરીઓનો જન્મદર વધે તે માટે સામાજિક મહા અભિયાનમાં સૌ જોડાય તથા રાષ્ટ્રીય બાલિકા સપ્તાહની માત્ર ઉજવણી નહી બનતા સાચા અર્થમાં જાગૃતિ દ્વારા આગામી વર્ષોમાં ફળદાયી પરિણામો પ્રાપ્ત થાય તેવા પ્રયાસો હાથ ધરવા જણાવ્યું હતું. યુનિસેફ વડા ડૉ. લક્ષ્મી ભવાનજી, ડૉ. પાર્થ ઓઝાએ આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, મહિલા અને બાળ વિકાસ વિભાગના ડાયરેકટર શ્રી રણજીતકુમાર સહિત વિશાળ સંખ્યામાં મહિલાઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

પાર્ટી પ્લોટમાંથી દોઢ લાખ રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી

અમદાવાદની ટાબરીયા ગેંગ હોવાની શકયતા : વૈષ્ણોદેવી સર્કલ નજીક ગુંજન પાર્ટી પ્લોટમાં બનેલી ઘટના : પોલીસે વિડિયો સીડી તપાસીને ગેંગ સુધી પહોંચવા ગતિવિધી તેજ કરી

ગાંધીનગર, તા.૨૪

અડાલજ નજીક વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલા ગુંજન પાર્ટી પ્લોટમાં રવિવારે લગ્ન પ્રસંગ હતો. ભત્રીજીના લગ્નમાં આવેલા કલોલના ભકિતભાઈ લગ્નની સામાજીક વિધિઓમાં વ્યસ્ત હતા તે દરમિયાન તેમની નજર ચુકવીને ગઠીયાઓ રૂ. ૧.૫૦ લાખ રોકડ ભરેલી બેગની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધાવા પામ્યો છે. અમદાવાદની ટાબરીયા ગેંગ કળા કરી ગઈ હોવાની શંકાને આધારે પોલીસે તે દિશામાં તપાસ આગળ ધપાવી છે.

મળતી માહિતી મુજબ રવિવારે વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલા ગુંજન પાર્ટી પ્લોટમાં લગ્ન હતા. કલોલ અંબિકાનગર ખાતે રહેતા ભકિતભાઈ સેંધાભાઈ પ્રજાપતિ તેમની ભત્રીજીના લગ્નમાં આવ્યા હતા. તેમની પાસે રૂપિયા ભરેલી બેગ હતી. બપોરના અરસામાં મામેરાની વિધિ ચાલતી હતી ત્યારે ભકિતભાઈની નજર ચુકવીને કોઈ શખ્સો રૂ. ૧.૫૦ લાખના રોકડ ભરેલી બેગ સેરવી લઈ રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે ભકિતભાઈએ અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી લગ્નની વિડીયો રેકોર્ડીંગની સીડી મેળવી તેને આધારે તપાસ શરુ કરી છે. અમદાવાદની ટાબરીયા ગેંગનો હાથ હોવાની શંકા વિડીયો સીડી જોયા બાદ પ્રબળ બની છે. પોલીસે આ ગેંગને પકડી પાડવા ગતિવિધી તેજ કરી છે.

આજે દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે રાષ્ટ્રીય કવિ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨૪

પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગર ખાતે સાંજે ૬.૦૦ કલાકે 'કાવ્યાંજલિ-૨૦૧૭' હિન્દી કવિ સંમેલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જાણીતા હાસ્ય કવિ અહેસાન કુરેશી સહિત અન્ય દિગ્ગજ કવિઓ પણ સામેલ થશે.

પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ યોજાનારા આ રાષ્ટ્રીય હિન્દી કવિ સંમેલનમાં જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત ડૉ. રઘુવીર ચૌધરી, જાણીતા હાસ્ય કવિ અહેસાન કુરેશી, વીર રસ કવિ અશોક ચારણ, કવિ દિનેશ બાવરા સહિત અન્ય કવિઓ પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ડૉ. અંજના સધિર, મનોજ મૌર્ય, વિજય તિવારી, ઋષિપાલ ધિંમાત, અશ્વિન પાંડે, ઈશ્વરસિંહ ચૌહાણ સહિતના કવિઓ પણ સંમેલનમાં હાજરી આપશે. આ પ્રસંગે અપૂર્વ ગોએન્કા, સેક્રેટરી, ભોલારામ એજયુકેશન સોસાયટી, રાની ચૌધરી (ડાયરેકટર), કમલચંદ (કાર્યકારી આચાર્ય) સહિત દિલ્હી પબ્લિક સ્કૂલની અન્ય ૪ શાળાઓના વિદ્યાર્થીઓ અને વાલીઓ આ કવિ સંમેલનમાં હાજરી આપશે.

ગાંધીનગર ખાતે આયોજિત મેગા જોબફેર કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા.૨૪

ભારત સરકારના નેશનલ કેરિયર સર્વિસ પ્રોજેક્ટ અંતર્ગત ઔદ્યોગિક રોજગાર ભરતીમેળાનું આયોજન તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૭ શ્રી ઉમિયા માતાજી મંદિર, ઉમા સમાજ ભવન કલેકટર કચેરી સામે, સેકટર-૧૨ ખાતે કરવામાં આવ્યું હતું. જે અનિવાર્ય સંજોગાના કારણે રદ કરવામાં આવ્યો છે. જે અંગે તમામ ઉમેદવારોને તેમજ નોકરીદાતાઓને નોંધ લેવા અને આગામી યોજાનાર ભરતીમેળાની જાણ હવે પછી કરવામાં આવશે, તેવું રોજગાર(જનરલ) જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરે જણાવ્યું છે.

જૈન સોશ્યલ ગૃપ પ્રજાસત્તાક દિવસ ઉજવશે

ગાંધીનગર, તા.૨૪

જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગર અને ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલ લેંકાવાડા ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવનાર છે. તેમાં રમત ગમત સ્પર્ધામાં જોડાવવા સર્વે સભ્યોને જણાવવામાં આવ્યું છે. સાથે જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગર દ્વારા 'ટેલેન્ટ ઈવનિંગ ૨૦૧૭ શોકેસિંગ ધી સેલ્ફ' કાર્યક્રમ પણ પ્રજાસત્તાક દિનની સાંજે ડૉ. આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ગ્રુપના સભ્યો અને બાળકો દ્વારા વિવિધ પરફોર્મન્સ આપવામાં આવનાર છે. ભાગ લેનાર તમામ બાળકો અને સભ્યો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

સે-૨૪ હત્યા પ્રકરણનો મુખ્ય સુત્રધાર પકડાયો

ગાંધીનગર, તા.૨૪

શહેરના સેકટર-૨૪ ખાતે ઉત્તરાયણની સાંજે મરઘીના વજન બાબતે થયેલી માથાકુટમાં હત્યા થઈ જવા પામી હતી. આ હત્યા પ્રકરણમાં બે શખ્સોને ગાંધીનગર એસઓજીએ ત્રણ દિવસ પહેલા પકડી પાડયા હતા. આજે મુખ્ય સુત્રધારને પણ દબોચી લેવામાં આવ્યો છે. મુખ્ય સુત્રધાર અમદાવાદ ખાતે તેની સાસરીએ જઈ રહ્યો હતો ત્યારે બાતમીને આધારે રસ્તામાંથી જ એસઓજીની ટીમે તેને પકડી પાડયો હતો.

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે બાતમીને આધારે ત્રણેક દિવસ પહેલા સે-૨૪માં થયેલી હત્યા પ્રકરણના બે સાગરીત મહેશ ગંગારામ મારવાડી અને લક્ષ્મણ કેશા મારવાડીની ધરપકડ કરી લીધી હતી. આ હત્યા કેશનો મુખ્ય સુત્રધાર નરેશ ઉર્ફે મહેશ ગંગારામ બાવરી નાસતો ફરતો હતો. આજે આ મુખ્ય સુત્રધાર હત્યારો નરેશ બાવરી અમદાવાદ વાડજ ખાતે તેની સાસરી તરફ જઈ રહ્યો હતો આ બાતમી એસઓજીની ટીમને મળતા આરટીઓ સર્કલ અમદાવાદ ખાતે બીઆરટીએસ બસ સ્ટેન્ડ નજીક ટીમ વૉચમાં ગોઠવાઈ ગઈ હતી. બસ સ્ટેન્ડ પાસે નરેશ આવ્યો એટલે તેને પકડી પાડીને ધરપકડ કરી લઈ ગાંધીનગર એસઓજીની ટીમે સે-૨૧ પોલીસને આરોપી સોંપી દીધો છે. સે-૨૧ પોલીસે હત્યારાની વધુ પુછપરછ શરુ કરી છે.

@ગાંધીનગર

- દિલ્હી પબ્લીક સ્કુલ કોબા ખાતે સાંજે ૬.૦૦ કલાકે રાષ્ટ્રીય હિન્દી કવિ સંમેલન યોજાશે.
- રાધે રાધે ગ્રુપ દ્વારા સે-૨૨ રંગમંચ ખાતે સાંજે ૪.૦૦ કલાકે મા-બાપને ભૂલશો નહીં કાર્યક્રમ યોજાશે.

લાયન્સ કલબ દ્વારા વિશિષ્ઠ બાળકોની પીકનીક

ગાંધીનગર, તા.૨૪

લાયન્સ કલબ વસ્ત્રાપુર અને લાયન્સ કલબ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સ્પેશિયલ ચાઈલ્ડ હોમ, ગાંધીનગરના અંદાજિત પચાસેક બાળકોને સુંદર જમણવાર અને મહુડી પાસેના તિરૂપતિ ઋષિવનની પિકનિક કરાવવાનો સુંદર સેવા પ્રોજેકટ સંપન્ન થયો. બાળકોએ ત્યાં વિવિધ રાઈડ્ઝ અને આખા દિવસની પિકનિકનો ભરપૂર આનંદ માણ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા બદલ લાયન પ્રમુખ નિમેષ રાવલે વસ્ત્રાપુર કલબના પ્રમુખ જયંતિભાઈ, ગાંધીનગર કલબના જયંતિભાઈ પ્રજાપતિ, પદમસિંહ ચૌહાણ, રઘુસિંહ ગોલ, નયન મધુકર, રાજગૌડા અને ઉમંગ પંડયાનો આભાર માન્યો હતો. બાળકોની આનંદભરી ચિચિયારીઓ જીવન પ્રત્યે હકારાત્મક પગલાંને વધાવનારી હતી. ધારાસભ્ય ઋષિકેશ પટેલ અને ગુડાના ચેરમેન આશિષભાઈ દવેએ આ પ્રવૃત્તિને વધાવી હતી.

સેકટર-૩-ન્યુ વસાહત મંડળના સક્રિય પ્રયાસથી 'તેજ આઈ સેન્ટર'ના ડૉ. તેજલ દલાલ તેમજ તેમના સ્ટાફના સહયોગથી સે-૩-ન્યુ ખાતે તા. ૨૨મી જાન્યુઆરીએ વિના મૂલ્યે નેત્ર ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૫૫૦ વ્યકિતઓએ ભાગ લીધો હતો અને ૨૫ વ્યકિતઓને વિના મુલ્યે ચશ્માનું વિરણ કરવામાં આવ્યું હતું. જયારે મોતીયા/ઝામર/પડદાની તકલીફવાળા વ્યકિતઓને કલીનીક પર મળવા જણાવ્યું હતું. લાભાર્થીઓએ 'તેજ આઈ સેન્ટર'નો તેમજ વસાહત મંડળ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

જેસીઆઈ દ્વારા વિદ્યાર્થીલક્ષી વિવિધ કાર્યક્રમો યોજાયા

મેડીકલ વિદ્યાર્થીનીઓ માટે 'સેલ્ફ ડિફેન્સ', શાળાની વિદ્યાર્થીનીઓ માટે 'એન્જોય એકઝામ' તથા નાના બાળકો માટે 'મેથ્સ મેઝીક' યોજાયા

ગાંધીનગર, તા.૨૪

જેસીઆઈના ગાંધીનગર એકમ દ્વારા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં જ જેસીઆઈએ શહેરમાં વિવિધ મુદ્દે ત્રણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સ શીખવવી, પરીક્ષાનો 'હાઉ' દૂર કરવા પ્રેરિત કરવા તથા નાના ભૂલકાંઓને ગણિત પ્રત્યે પ્રેમ થાય તે માટે સરળ કિમિયા શિખવાડવા જેવા સેમિનાર્સનો સમાવેશ થાય છે.

આજે સમગ્ર દેશમાં જયારે 'રાષ્ટ્રીય મહિલા બાળ દિન' ઉજવાઈ રહ્યો છે ત્યારે જેસીઆઈ દ્વારા ગાંધીનગરની મેડિકલ કોલેજની યુવા વિદ્યાર્થીનીઓ માટે ગત સપ્તાહે 'સેલ્ફ ડિફેન્સ' શીખવવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ ઈન્સ્પેકટર મિની જોસેફે વિદ્યાર્થીનીઓને સ્વબચાવની તાલીમ આપી અઘટીત દુર્ઘટનાઓ તથા આકસ્મિક જોખમો સામે હિંમત અને અગમચેતી વાપરી તેને ટાળી શકાય તે માટે માર્ગદર્શિત કરી હતી.

આ સાથે આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને સોશિયલ મિડીયાનો ઉપયોગ પણ કેવી રીતે કરવો તે અંગે તેમણે મહત્વની ટીપ્સ આપી હતી. આ કાર્યક્રમમાં ૭૦થી વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. હાલ શાળાઓમાં પરીક્ષાઓનો માહોલ છવાયો છે. જેસીઆઈ દ્વારા વસંતકુંવરબા સ્કુલ ખાતે વિદ્યાર્થીનીઓ માટે 'એન્જોય એકઝામ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીનીઓના મનમાં રહેલા પરીક્ષાના ડરને નેશનલ ટ્રેનર વિનોદ વૈષ્ણવે બખૂબી દૂર કર્યો હતો. તેમણે ૧૫૦થી વધુ વિદ્યાર્થીનીઓને તેમની પરીક્ષાનો હંમેશા આનંદ ઉઠાવવા પ્રેરિત કરી હતી.

જેસીઆઈ આયોજિત વધુ એક કાર્યક્રમમાં નાના બાળકોને ગણિત વિષય પ્રત્યેનો ડર મનમાંથી દૂર કરવા પ્રયત્ન હાથ ધરાયો હતો. કલ્પતરુ લર્નિંગ સેન્ટર ખાતે રવિવારે યોજાયેલા કાર્યક્રમમાં ૭૦થી વધુ બાળકોને જેસીઆઈના ઝોનલ વાઈસ પ્રેસિડેન્ટ દર્શન મહેતાએ 'મેથ્સ મેઝીક' કાર્યક્રમ અંતર્ગત ગણિતના ઘડિયા યાદ રાખવાની સરળ ટેકનિક સહીતના અવનવા કિમિયા શિખવાડયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા જે જે ચેરપર્સન કાજલ વૈષ્ણવે ભારે જહેમત ઉઠાવી હતી. જેસીઆઈ દ્વારા આયોજિત આ કાર્યક્રમોમાં જેસીઆઈ મેમ્બર્સ ફાલ્ગુની, પ્રેરણા, મિતાલી તથા દિશા દેસાઈ વગેરેએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા સઘન પ્રયત્નો કર્યા હતા. કાર્યક્રમોના અંતમાં જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી ગાંધી દ્વારા સંસ્થાના સંચાલકો તથા સેમિનાર માટે પધારેલા નિષ્ણાતો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરવામાં આવી હતી.

ઝુંડાલમાંથી વરલી મટકાનો જુગાર રમાડતા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૪

અડાલજ નજીક આવેલા ઝુંડાલ ગામમાં વરલી મટકાનો જુગાર રમાડાઈ રહ્યો હોવાની બાતમી અડાલજ પોલીસને મળી હતી. જેને આધારે દરોડો પાડી પોલીસે વરલી મટકાનો જુગાર રમાડી રહેલા પાંચ શખ્સોને દબોચી લીધા હતા. જયારે એક શખ્સ ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી રૂ.૧૬,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પાંચેયની ધરપકડ કરીને વધુ તપાસ શરુ કરી છે.

અડાલજ પોલીસને બાતમી મળી હતી કે ઝુંડાલ ખાતે હાઈટેક વરલી મટકાનો જુગાર રમાડાઈ રહ્યો છે. રૂપિયાની લેવડ દેવડ અમદાવાદ સહિત અલગ અલગ વિસ્તારોમાંથી થઈ રહી છે જેને આધારે ટીમે રવિવારે બપોરે દરોડો પાડયો હતો. વરલી રમાડી રહેલા ચાંદખેડાના નરેન્દ્ર દિનાનાથ દુબરે, હિતેસ રમણ ચોકસી, ઝુંડાલમાં વિજય અમન વાઘેલા અને દશુ માજી વાઘેલા ઉપરાંત પટેલ નિલેશ સીતારામ મળીને પાંચની ધરપકડ કરી લેવામાં આવી હતી. જયારે મુન્ના શાહ નામનો શખ્સ ફરાર થઈ ગયો હતો. અડાલજ પોલીસે રૂ. ૧૦,૩૦૦ રોકડ તથા આઠ મોબાઈલ કિં. ૬૫૦૦ અને અન્ય સાહિત્યો મળી કુલ કિં. રૂ. ૧૬,૯૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લઈ પાંચેયની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે.

ચિરવિદાય

- સ્વ. સજ્જનબા મહિપતસિંહ ગોહિલ, ઉ,વ, ૭૬
- સ્વ. ડાહીબેન ખેમચંદભાઈ રાવત, ઉ.વ. ૬૫